# ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૧૮૯ ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું




ગાંધીનગર, તા. ૫

શ્રી ગજાનન સેવા સમિતિ ઘણા વર્ષોથી વનવાસી વિસ્તારમાં સેવાનું કાર્ય કરે છે. સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના વિદ્યાર્થીઓને ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગજાનન સેવા સમિતિના સભ્યોએ અણસોલ ૧ અને ૨ માં ધોરણ ૬ થી ૮ના બાળકોને તથા મૈત્રી માધ્યમિક શાળામાં ૮૯, જાભચીતરીયાની જય પ્રકાશ શાળામાં ૧૨૪, પાલ્લામાં ૪૦૪ તથા ખારીમાં ૩૯૬ નંગ ચોપડાઓનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે 'અબ જાગ ઉઠો, કમર કસો' દેશ ભક્તિ ગીત મિલિન્દભાઈ ગુપ્તેએ ગવડાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિલેશ મોરે, જનારદન ઠક્કર, માનસિંગ તથા સહયોગીઓ ખાસ હાજર રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગરમાં ૭મીએ શાળા-કૉલેજ બંધનું એલાન

## યુવક કોંગ્રેસ દ્વારા સમર્થનની જાહેરાત

ગાંધીનગર, તા. ૫

રાજયમાંથી બાળકો ગુમ થવાની વધતી જતી ઘટનાઓ અને તેની તપાસમાં તંત્રની નબળી કામગીરીનો વિરોધ કરવા આગામી ૭મી જુલાઈના રોજ શાળા કોલેજ બંધનું એલાન યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. દ્વારા આપવામાં આવ્યું છે.

ગાંધીનગર લોકસભા યુવક કોંગ્રેસના પ્રમુખ શ્રી જયદીપસિંહ ઠાકોર તેમજ પ્રદેશ મહામંત્રી એન.એસ.યુ.આઈ. શ્રી અંકિત બારોટ અને કાઉન્સીલર હર્ષજીત પંડ્યાએ આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે સરકાર આ મુદ્દે સંવેદન નહિ બને તો વધુ આક્રમક લડત પણ આપવા અંગેની વિચારણા કરવાની ફરજ પડશે.

આ આગેવાનોએ જણાવ્યું છે કે રાજ્યવ્યાપી અપાયેલા બંધના આ એલાનમાં ગાંધીનગર શહેર અને જિલ્લાની શાળાઓ પણ જોડાશે.

સમગ્ર ગુજરાતમાં ૧૬૫૦૦ થી વધુ બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો થવા છતાં કોઈપણ પ્રકારની શોધખોળ કે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલી નથી, તેવી ગુજરાત સરકારને આ અંગે રજૂઆતો કરવા છતાં કોઈ ગંભીરતાથી પગલાં લીધેલા નથી. તો આ સરકારની કાયદો અને વ્યવસ્થા ખોરવાઈ છે. અને આ નિર્દોષ બાળકોની શોધખોળ તેના પરિવારો દ્વારા ન્યાયની અપેક્ષાએ પણ રજૂઆતો કરેલી છે. તેમ છતાં કોઈ પરિણામ આવ્યું નથી. તો આ સરકારનાં વિરોધમાં યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. દ્વારા ગાંધીનગર વિસ્તારની શાળા, કોલેજોને બંધ રાખવાનું બંધનું એલાન તારીખ ૭-૭-૨૦૧૨ને શનિવારના રોજ જાહેર કરેલ છે. જેની ગાંધીનગર લોકસભા યુવક કોંગ્રેસના પ્રમુખ જયદિપસિંહ ઠાકોર તથા એન.એસ.યુ.આઈ. પ્રદેશ મહામંત્રી અંકિતભાઈ બારોટની સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચૌધરી મહિલા કોલેજમાં પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આટર્સ કોલેજ ખાતે પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીનીઓને સત્કારવાનો સમારંભ જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના અધ્યક્ષપદે યોજાયો હતો.

સ્વાગત પ્રવચન આચાર્યા ડૉ. ઉમાબેન ચૌધરીએ કરેલ હતું. અખિલ આંજણ કેળવણી મંડળના પ્રમુખ મણીભાઈ ચૌધરીએ આર્શીવાદ પાઠવ્યા હતા. કેમ્પસ ડાયરેકટ ગણેશભાઈ ચૌધરી, ડી.જી. ચૌધરી, એમ.એમ. ચૌધરી, હાજર રહ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાય વ્યકત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.લીના સ્વાદિયાએ કરેલ હતું. આભાર દર્શન પ્રો. ગીતાબેન ચૌધરીએ કરેલ હતું.

## અનુ. જાતિના ખેલાડીઓની પ્રશિક્ષણ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૫

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજિત સીનીયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર દ્વારા અનુસૂચિત જાતિના ખેલાડીઓમાં રહેલી રમતલક્ષી સુષુપ્ત શક્તિઓને કૌશલ્ય વર્ધક કાર્યક્રમ દ્વારા બહાર લાવી રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે આ જાતિના ખેલાડીઓ સારા પરિણામ મેળવી શકે. ૧૬ વર્ષના પૂર્ણ ન થાય તેટલી ઉંમરના ગાંધીનગર જિલ્લાના ખેલાડી ભાઈ-બહેનો માટે કબડ્ડી, ખોખો, વોલીબોલ, એથ્લેટીકસ અને યોગાસનનો ૨૧ દિવસનો પ્રશિક્ષણ શિબિર તા. ૩૧ ઓગસ્ટ સુધી યોજવામાં આવશે. તા. ૨૫મી જુલાઈ સુધીમાં ફોર્મ ભરીને પરત આપવાના રહેશે. દરેક રમતના ૧૦૦ ખેલાડીઓની મર્યાદા છે. ભોજન, પ્રવાસ ખર્ચ, સ્પોર્ટસ કિટ નિયત ધોરણે આપવામાં આવશે. શિબિરમાં રોકાણ ફરજિયાત છે.

સીનીયર કોટ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગરના એચ.બી.સાવલીયાએ જણાવેલ છે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તાજેતરમાં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોને કુમકુમ તિલક કરી, ફૂલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે આશુતોષ પ્રસાદ અને આસ્થા પટેલે ગુરુ પૂર્ણિમાનું ઐતિહાસિક મહત્વ પોતાના વકતવ્યો દ્વારા સમજાવ્યું હતું. આમંત્રિત મહેમાન રાઘવજી માધડ અને કનૈયાલાલ ભટ્ટે આ પ્રસંગે ગુરુ મહિમા સમજાવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓ માટે પ્રાર્થના ગીત સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. પ્રાર્થના ગીત સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્થાના ચેરમેન, ટ્રસ્ટી અને મેનેજીંગ ડાયરેકટર પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં. ગુરુપૂર્ણિમા નિમિત્તે શિક્ષકોને પ્રસંગોચિત્ત ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે આચાર્યએ આભારવિધિ કરી હતી.

## શાળાઓ એચએસસીની પૂરક પરીક્ષાના પ્રવેશપત્રો ૭મીએ મેળવી શકશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક બોર્ડના સચિવ જી.એમ. રબારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી ૧૨મી જુલાઈ-૨૦૧૨થી તમામ જિલ્લામાં લેવાનાર ધોરણ-૧૨ના તમામ પ્રવાહની પૂરક પરીક્ષાના પ્રવેશ પત્રો જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં તા. ૭મી જુલાઈ-૨૦૧૨ને શનિવારે સવારે ૧૧ થી સાંજના ૪ વાગ્યા દરમિયાન વિતરણ કરવામાં આવશે.

પરીક્ષાર્થીઓના પ્રવેશપત્રો (ફી-રસીદ) બેઠક નંબર સાથેની યાદી શાળાના આચાર્યને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં અધિકારપત્ર રજૂ કરવાથી મળી શકશે. પરીક્ષા સચિવે જણાવ્યું છે કે, શાળાનો અધિકારપત્ર રજૂ કરી બોર્ડના પ્રતિનિધિ પાસેથી શાળાનું સાહિત્ય મેળવી લેવુ. જે શાળાઓ સાહિત્ય લઈ નહીં જાય તે શાળાઓએ બીજા દિવસે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી સાહિત્ય મેળવી લેવાનું રહેશે.

## લૉ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને માર્કશીટ મેળવી લેવા સૂચના

### નવા સત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને સત્વરે પ્રવેશ મેળવી લેવા સૂચના

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૧૬માં આવેલી સિદ્ધાર્થ લો કોલેજના આચાર્ય ડૉ.દિલીપ મેવાડાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે એપ્રિલ ૨૦૧૨માં લેવાયેલી પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ એલએલબીની માર્કશીટ યુનિવર્સિટીમાંથી આવી ગઈ છે. સિદ્ધાર્થ લો કોલેજના વિદ્યાર્થીઓએ માર્કશીટ સત્વરે કાર્યાલયમાંથી મેળવી લેવી. સિદ્ધાર્થ લો કોલેજમાં દ્વિતીય અને તૃતીય વર્ષ એલ.એલ.બી.ની પ્રવેશ કાર્યવાહી આજે તા. ૬ જુલાઈ ૨૦૧૨થી શરૂ થશે જે સાત દિવસ સુધી ચાલશે. એલએલએમ પ્રવેશ અંગેની માહિતી કોલેજના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવી છે. પ્રવેશ વાંચ્છુક વિદ્યાર્થીઓએ જરુરી ફોર્મ ભરી પ્રવેશ મેળવી લેવો.

## ડૉ.રામભાઈ પટેલ પીટીસી કૉલેજમાં ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

કડી, તા. ૫

સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજ એસ.વી. કેમ્પસ કડીમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. જેમાં તાલીમાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. પ્રાર્થના, ધૂન, ભજન, નાટક, અભિનય ગીત, ગુરૂપૂર્ણિમા નિમિતે ગુરૂ વંદનાનો કાર્યક્રમ યોજાયો. આચાર્ય ડૉ. બાબુલાલ પટેલે ગુરૂપૂર્ણિમાનો અર્થ ધર્મનું મહત્વ જુદાજુદા ઉદાહરણોથી સમજાવ્યું હતું. અધ્યાપક મહેન્દ્રભાઈ પંડ્યાએ વકતવ્ય રજૂ કરેલ હતું.

## શેઠ સી એમ હાઈસ્કૂલમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૫

શેઠ. સી.એમ. હાઈસ્કુલ ગાંધીનગર ખાતે ગુરૂપૂર્ણિમા કાર્યક્રમ યોજાયો હતો. ગુરૂવંદનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આચાર્યશ્રીએ ગુરૂ પૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું હતું. સુપરવાઈઝર પ્રહલાદભાઈ તથા શિક્ષક કનુભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલું હતું. શાળાના વિદ્યાર્થી ત્રિવેદી જય, ત્રિવેદી જીત, નીરવ ઓઝા, દીપ બારોટ, હિતાર્થ ક્ષત્રીય, સોહિલ પટેલે વકતવ્યમાં ગુરૂ મહિમા અંગે સમજાવ્યું હતું.

શાળાના શિક્ષકોનું કુમકુમ તિલક, અક્ષતથી પૂજન કરેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હસમુખભાઈ પટેલ કર્યું હતું.

## મહિલા પીટીસી કૉલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૫

શ્રીમતી એમ.પી. પટેલ મહિલા પી.ટી.સી. કોલેજ કડીમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી બહેનો દ્વારા કરવામાં આવ્યું. જેમાં ગુરૂપૂર્ણિમાને અનુરૂપ પ્રાર્થના ધૂન, ગુરૂ શિષ્યના પ્રસંગોને વર્ણવી ગુરૂ વંદના કરવામાં આવી હતી. આચાર્યા જિજ્ઞાસાબેન ત્રિવેદીએ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. અધ્યાપકોએ વિદ્યાર્થીઓને આર્શીવાદ પાઠવ્યા હતા.

## ખેતરાઉ, તળપદી અને ગામઠી ગુજરાતી ભાષાની મીઠી યાદ

આજથી બરાબર પચાસ વર્ષ પહેલાં હું નાનકડા માટીના ખોરડામાં રહેતો હતો. મારી માવડી રાત્રે વાળું કરવા બેસીએ ત્યારે માટીની વાઢીમાંથી તાવડીમાં પીરસેલી એ સાંબેલાથી ખાંયણામાં ખાંડેલી ડાંગરના રાતામાતા ચોખામાંથી ચૂલા ઉપર હાંડલીમાં રાંધેલી ગરમ ગરમ ખીચડીમાં ઘી પીરસતી ત્યારે આખા ખોરડામાં અને ચારે બાજુ એ પીળી ઝાંયવાળા લચકદાર ઘીની ફોરમ ફેલાઈ જતી. એવી ખીચડી ખાવાની જે મજા આવતી એવી મજા આજની મોંઘામાં મોંઘી હૉટલની સંપૂર્ણ ગુજરાતી થાળીમાં નથી આવતી. માની મમતા અને માટીની મ્હેંક, સોનામાં સુગંધ!

શિયાળામાં થોરની વાડ ઉપરથી વાલોળ-પાપડી વીણી માટીના માટલામાં ભરી ઉંધું પાડી ઉપર ભડકો કરી જે ઊંધિયું ખાતાં ત્યારે જે ટૅસડો પડી જતો એ આજે ક્યાંથી લાવવો? પછી ઢોચકીમાંથી કુલડીમાં પાણી કાઢી પીતા એ પાણી આગળ આજના ફ્રીઝનું પાણી પાણી ભરે! ખોરડાની બાજુમાં બાજરીનાં ડૂંડાં થૂલમાં આવે એ પોચા દાણાનો પોંક જાતે ઈંધણ ભેગાં કરી ગોઠિયા ભેગા મળીને ખાતા એ દિવસો પાછા કેવી રીતે લાવવા? વો કાગઝ કી કશ્તી, વો બારિશ કા પાની!! ખેતરની વચ્ચોવચ્ચ બાંધેલા માંચડા ઉપર ચડી ટોયો બની ગોફણમાં ઢેખલો ભરાવી પક્ષીઓ ઊડાડતા, બાજુમાં રેગલા જેવો ચાડિયો ચાડી ખાતો ઊભો હોય. પક્ષીઓ ઊડાડી પછી ઢોરાં માટે ચારિયામાં ફાંટ બાંધી ચીડો, આરોતારો, આકુંબાં ભેગાં કરી ઢોરાંને નીરતા. પછી શેઢા ઉપરના આંબાનું કંથારનાં ઝાંખરાં ભેગાં કરી વાડોલિયું કરતા, તો માવડી પણ અમારા માટે બાફેલા ઠોઠા લાવતી જે ખાવાની મજાનું શબ્દોમાં વર્ણન કરવું બહુ કાઠું છે.

ફળિયામાં વિવાહવાજન હોય ત્યારે માફામાં બેસી જતા. કોઈ વાર ડમણિયાની સવારી પણ થઈ જતી. ગાડામાં તો ઘરનું ગાડું એટલે રોજની રંગત. ધૂંસરી મૂકવાની મજા પડતી. બળદોને જોતરવા તો બહુ મહેનત પડતી. ઉનાળામાં બપોર વેળાએ લીમડાના છાંયે મોઈદંડા ખૂબ રમતા, ભૂખ લાગે તો લોધર ખાઈ લેતા, શકોરામાં ચા પીવાની લહેજતની તો વાત જ કંઈક જુદી હતી.

ખોરડાની બહાર ગમાણ. ઢોર પોદળા કરે એ ભેગા થાય. એમાં મટોડી માટી ભેરવી ગાર બનાવી આંગણામાં માવડી ગીતો ગાતી જાય અને લીંપતાં લીંપતાં એ ય મજાની બીજના ચાંદલિયાની કોર જેવી ઓકળિયો પાડતી જાય ત્યારે કોઈ જાદુ થતો હોય એટલા ઉત્સુક ભાવે ડોળા ફાડી જોઈ રહેતા. એવી ઓકળિયો જોવા આખું ગામ આવતું.

અસલ દેશી બાજરાના, માટીના ચૂલા ઉપર માટીના કલાડામાં ચડાવેલા રોટલા (જે ઘડતી વખતના ટપાકા સાંભળતાં જ અર્ધી ભૂખ ઊઘડી ગઈ હોય) સાથે ઘરના વલોણાનું કુમળી કન્યાના હાથમાં લેતાં જ લસરી જાય એવું સુંવાળું પણ લચકદાર, પાસાદાર દહીં, ખાંડણીમાં હાથે વાટેલું લાલચટક બીયાંવાળું મરચું, હથેળીમાં મસળેલું દાણાદાર જીરૂ એ દહીંમાં નાખી બળેલા કડક રોટલા સાથે ખાતા ત્યારે ભલભલાં પકવાન પાછાં પડી જતાં. મુખવાસમાં શેકેલા કચૂકા એક કલાક ચાલતા.

મા, માતૃભાષા અને માતૃભૂમિની આવી ગામડાની ગામઠી ભાષાની તળપદી વાતો આજે પાંસઠ વર્ષે યાદ આવે છે ત્યારે આંખમાંથી બોર જેવાં આંસૂ પડવા માંડે છે. હવે તો શહેર અને ગામડું એક થવા લાગ્યાં છે. ગાય, ગીતા, ગોકુળ, ગોવાળિયો ભૂલાવા લાગ્યા છે. વસતિ વધારાથી મકાનો વધુ મોટો થતાં ગયાં તેમ માણસોનાં મન સાંકડાં થતાં ગયાં.

કાનુડો ગોઠણભેર ચાલતો, કિશોર થતાં મટુકીઓ ફોડતો, માખણ ખાતો, ગોપીઓ પકડવા દોડતી એ ચિત્ર જ કેવું રોમાંચકારી હતું! અને આજે અંગ્રેજી મિડીયમમાં ભણતાં હાઈ-ફાઈ છોકરાં આવ સંવાદો બોલીને કાનુડાને યાદ કરે છે,

'હાય... હીયર મી. આપણા ગૉડ કૃષ્ણા હતા ને વેરી નૉટી બૉય... બૉલ. એય ફ્રીઝ ઉઘાડે ને ક્લોઝ કરે. ફ્રીઝમાંથી બટર કાઢે ને ખાય. બટર કાઢે ને ખાય. મૉમ પકડવા આવે તો કૃષ્ણા રન અવે કરી જાય બોલ. રાધા એની ગર્લફ્રેન્ડ બોલ. ડેઈલી મળે...' ઓ ત્તારી ભલી થાય.... તમે સાચું કહેજો, તમે માખણ બોલો અને બટર બોલો, શું સારું લાગે? એ ય માખણચોર કાનુડા આગળ! સંસ્કૃતિનું શીર્ષાસન તે આનું નામ! હવે તો છાણનો પોદળો, ગમાણ, શેઢો, વલોણું, ચૂલાબેડ, તાવડી, શકોરૂં - આ બધું ઓળખવા, બતાવવા માટે પ્રદર્શન ભરવું પડશે. હજુ ૨૦ ટકાને એવી ખાતરી છે કે ચણા ઝાડ ઉપર થાય છે. શું થશે આ દેશનું! આજે સાંભળવા ખૂબ ખૂબ ગમે છતાં ભૂલાઈ ગયેલા આવા ખેતરાઉ, ગામઠી શબ્દોનો એક આછેરો પરિચય પરિચય કરાવવાની મંછા છે, પણ સ્થળ સંકોચ છે. તમને સમય મળે તો એ કરજો, કરવા જેવું છે.

**- પી એમ પરમાર 'દર્શન'**


# ઊઠો, જાગૃત થાઓ ને યોગ્ય ગુરુ પાસે જઈ જ્ઞાન મેળવો

## સંસ્કાર ચિંતન

**- અનંતરાય ન વ્યાસ**

'ઉતિષ્ઠિત્ જાગ્રત્ પાટ્ય વરાન નિબોધત્।'

કઠ ઉપનિષદનો આ મંત્ર તેના વિવિધ અર્થઘટનોથી જાણીતો બન્યો છે. ઉપનિષદના ઋષિના મતે તેનો અર્થ 'ઊઠો, જાગૃત થાઓ. યોગ્ય ગુરુ પાસે જઈ જ્ઞાન મેળવો, આધ્યાત્મિક જ્ઞાનનો માર્ગ અસ્ત્રાની ધાર જેવો તીક્ષ્ણ છે. અને આ યાત્રા કઠિન છે' તેવો કરાય છે. સ્વામિ વિવેકાનંદે આ મંત્ર સંસારના કાદવમાં ફસાયેલા, અજ્ઞાનના અંધકારમાં અટવાતા, પ્રમાદી તથા આળસુ યુવાનોને જાગૃત કરવા પ્રયોજ્યો છે. તેમના મતે 'ઊઠો, જાગૃત થાઓ અને જે પ્રાપ્ત કરવાનું છે તે માટે સતત પ્રયત્ન કરો' તેવો અર્થ વધારે યોગ્ય છે. આ ઉપરાંત 'ઊઠો, જાગૃત થાઓ અને તમારું ધ્યાયે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ન વિરમો' તેવું પણ અર્થઘટન થયું છે. અંગ્રેજીમાં 'સ્ટૉપ નૉટ સ્ટીલ ધ ગોલ ઈઝ રિચ્ડ' એમ નોંધાયું છે.



આળસ, પ્રમાદ તથા અજ્ઞાનમાં ડૂબેલા ભારતીય યુવાનોના ચિત્તમાં નવો પ્રાણ, નવું જીવન ફૂંકાય તેવા ઉમદા હેતુ સાથે સ્વામીજીએ આ મંત્રને પોતાનું સૂત્ર બનાવેલ. યુવાનોને હાકલ કરતા તેઓ કહેતા, 'જીવનનું ધ્યેય નક્કી કરો. તે પછી તેની પ્રાપ્તિ માટે સતત પ્રયત્ન કરો. આગળ ધપો ને જ્યાં સુધી લક્ષ્યને ન પહોંચાય ત્યાં સુધી અટકશો નહીં. પક્ષીની આંખ વિંધવા તૈયાર થયેલા અર્જુનનું ચિત્ર તમારી આંખ સામે ખડું કરો. તેના જેવી એકાગ્રતા કેળવો, સફળતા તમારા પગલે પડતી આવશે.'

આ મંત્રનો પ્રથમ શબ્દ છે, 'ઉતિષ્ઠિત' - ઊઠો. ઊઠવું ને જાગૃત થવું બંનેમાં તફાવત છે. પથારીમાં જ પડ્યા પડ્યા જ્યારે પ્રથમ તો આંખો ખૂલે છે ત્યારે આપણે પૂરતા જાગૃત થયા નથી હોતા. એ સમયે નિદ્રાની પૂર્ણ સમાપ્તિ હજી થઈ ન હોય. ઉઠતાંવેત તુરત જ ભાગ્યે જ જાગૃત થઈ જવાય. આંખ ઉઘડી જાય તેવા પ્રસંગો તો જીવનમાં અવારનવાર બનતા જ હોય છે. આપણે ઊઠી તો જઈએ છીએ પણ બરાબર જાગૃત નથી થતા. પરિણામે તાત્કાલિક યોગ્ય ને પૂરતાં પગલાં નથી ભરાતાં. પ્રિય સ્વજનનું અચાનક અવસાન થયું હોય કે વિશ્વાસુ મિત્ર જ દગો દે ત્યારે આપણને ભારે આઘાત લાગે છે. આપણી લાગણીઓ ઘવાય છે. આ જગત આપણને રહેવા જેવું નથી લાગતું ત્યારે ઘડીભર આંખ ઉઘડી જાય. સ્મશાન-વૈરાગ્ય આવી જાય. પણ આ બધું ક્ષણિક હોય છે. આંખ ખૂલે પણ જાગૃતિ ન આવે. સમજ પડે પણ સજ્જતા ન આવે.

જાગૃત થવું એ જ્ઞાનની ભૂમિકા છે, માટે ઋષિ પ્રથમ ઊઠવાની તૈયારીની વાત કરે છે. ઊઠ્યા પછી ધીમે ધીમે જાગૃત થવાય. વિવેકની આંખ ખૂલે અને સમજણની સજ્જતા કેળવાય ત્યારે જાગૃતિ આવે. બાકી જો પ્રમાદમાં પડ્યા રહીએ તો તો પાછા નિદ્રામાં સરી પડવાના માંડ માંડ ઉઘડેલી આંખ મિંચાઈ જવાની ને 'જો સોવત હૈ વો ખોવત હૈ'નો કડવો અનુભવ થવાનો. આપણે ત્યાં તો કહેવત છે, 'જાગ્યા ત્યારથી સવાર.' જ્યારે સમજ કે જ્ઞાન પ્રગટ્યું ત્યારથી જ ધ્યાન રાખવું, ધ્યેય અંગે નિર્ણય કરી લેવો. પણ આ જાગૃતિ આવી છે કેમ તેનો ખ્યાલ કેમ આવે? સમાજના અનેકવિધ પ્રસંગોમાં વ્યક્તિને જાતભાતના અનુભવ થાય. એ ક્યારેક માર ખાય, પાછો પડે તો ક્યારેક આગળ વધે. આવો દરેક પ્રસંગ તેના ચિત્તમાં વિવિધ પ્રકારનાં પરિવર્તનોના તરંગો પેદા કરતો હોય છે. આપણા ચિત્તમાં અનેક ઘટનાઓ ઘટતી રહે છે. પોતાતના આંતરમનમાં જે ઘટનાઓ ઘટે તેના માટે ઊંડો વિચાર કરવો. તેનાં મૂળ શોધવાનો પ્રયત્ન કરવો. તેને જાગૃત અવસ્થા કહી શકાય. પરિવર્તનો પૂરતો વિવેક કેળવી તેમાંથી 'સદ્'નું ગ્રહણ કરવું તે જાગૃતિની નિશાની છે.

વિવેકશીલ પુરુષો જ સદા સાવધ રહી જાગૃત રહેતા હોય છે. જ્યારે વ્યક્તિ ખરેખરી જાગૃત થાય ત્યારે તેના ચિત્તમાં વિચારોનું ઘમાસાણ મચે છે. આ જીવનનું અંતિમ લક્ષ્ય શું? અહીં શા માટે આવ્યા છીએ? આવા વિચારો આવે છે. આથી દરેક જાગૃત વ્યક્તિએ પોતાના જીવનનું અંતિમ ધ્યેય નક્કી કરવું જરૂરી છે. અહીં આપણે શું પ્રાપ્ત કરવાનું છે તેનો નિર્ણય કરી લેવો જોઈએ.

જીવનનું લક્ષ્ય ભૌતિક ઉન્નતિનું હોય કે આધ્યાત્મિક ક્ષેત્રનું હોય, પરંતુ લક્ષ્યબિંદુ તો સ્પષ્ટ નિરૂપિત થઈ જાય તે મહત્ત્વનું છે. કારણ કે એકવાર ચોક્કસ ધ્યેય નિર્ણિત થતાં મન તે બાજુ સતત વળતું રહે છે. ચિત્તમાં અવારનવાર ઝબકારા થતા રહે છે. મારે આ પ્રયત્ન કરવાનો છે, પણ હજી હું ત્યાં નથી પહોંચ્યો તેવી લાગણી થતાં ચિત્તમાં વ્યાકુળતા પ્રગટે છે. ધ્યેય વિનાનું જીવન તો સુકાન વિનાના વહાણ જેવું છે. જો દિવાદાંડી હશે તો તમારી નાવ ઉગરશે, કાંઠે પહોંચશે. પણ લક્ષ્યના અભાવે તો જીવનનાવ ગમે ત્યારે ખરાબે ચડી જશે.

એકવાર જીવનનું ધ્યેય નક્કી થાય પછી તો મનમાં કોઈ દ્વિધા ન રહે. પછી આવે 'વરાન્ નિબોધત્'નું પગલું. એટલે કે સદ્‌ગુરુ પાસે જઈ જ્ઞાન મેળવો. ધ્યેય પ્રાપ્તિ માટે સતત પ્રયત્નો કરો. તમારા નક્કી કરેલા ધ્યેય માટે માત્ર વાતો ન કરો. પ્રમાદી ને આળસુ વ્યક્તિઓ જ વાતોના વડા કરતી હોય છે. આળસુ માનવી ભાગ્યે જ કંઈ પ્રાપ્ત કરી શકે. ઉદ્યમી વ્યક્તિઓ જ પુરુષાર્થનું ફળ ભોગવે છે. માત્ર વિચારો કે તર્ક કરવાથી પર્વતની ટોચે નથી પહોંચાતું. જેએનો ટૉપ પર પહોંચવું છે તેમને પર્વત ચડવો પડે છે. ભૌતિક ઉન્નતિની વાત હોય કે આધ્યાત્મિક ક્ષેત્રની. પણ જીવનનું ધ્યેય ક્યારેય નીચું ન રાખો. લક્ષ્ય પ્રાપ્ત નહીં થાય તેમ માની જે નીચું લક્ષ્ય સ્વીકારે છે તેનામાં આત્મવિશ્વાસની ખામી હોય છે. આવી વ્યક્તિઓ કાયમ હતાશ થાય છે. સફળતા મળે યા ન મળે, ધ્યેય તો ઉચ્ચ જ રાખવું. નેતાજીએ 'ચલો દિલ્હી'નું ધ્યેય રજૂ કરેલું. બ.ક.ઠા. લખે છે, 'નિશાનચૂક માફ, પણ નહીં માફ નીચું નિશાન' (નોટ ફેલ્યર બટ ધ લો એઈમ ઈઝ ક્રાઈમ). ધ્યેય પરત્વેની સતત જાગૃતિથી જ વ્યક્તિ ઉચ્ચ સ્થાને પહોંચે છે. સ્વ. ધીરુભાઈ અંબાણી તથા શ્રીમાન કરસનભાઈ પટેલનાં ઉદાહરણો નજર સામે છે જ. તેઓનો પ્રગતિનો માર્ગ જરાપણ સરળ ન હતો. ભારે સંઘર્ષ પછી એ સ્થાને તેઓ પહોંચ્યા છે.

આધ્યાત્મિક ક્ષેત્રે સદ્‌ગુરુનો ટેકો મળે છે. માર્ગ સાંકડો ને પાછો લપસણો છે. વિઘ્નોવાળો છે. શંકરાચાર્યજી એટલે તો શિષ્યોને જાગૃત રહેવા જણાવે છે. 'સ્વર્ગનું પ્રવેશદ્વાર સાંકડું છે' તેમ ઈસ્ જણાવે છે. તેમાંથી પ્રવેશ મેળવવો તે જ મહત્ત્વનું છે. જાગૃત યુવાનો માટે તકનો અભાવ નથી. સાવધ અને સતર્ક યુવાન તક ઝડપી લે છે. જરા અસાવધ રહો તો તકના પગમાં જ પાંખો હોય છે. તિતિક્ષા તથા હિંમતથી કઠિન ધ્યેયને પણ પાર પામી શકાય છે. વિવેકી વ્યક્તિ માર્ગ ખોળી કાઢે છે. તે વિવેકહિનો સંસારના કાદવમાં આળોટે છે. વર્તમાન ક્ષણની સભાનતા એ જાગૃતિનું મુખ્ય લક્ષણ છે. સભાનતા હોય તો ઉચ્ચ આદર્શ માટે જીવન ફના કરવું મુશ્કેલ નથી લાગતું. ધ્યેયનિષ્ઠ વ્યક્તિ તો પ્રભુને એવી પ્રાર્થના કરતો હોય છે કે 'જીવવા નહીં તો મરવા, કાંઈ ભવ્ય પ્રસંગ હે પ્રભુ તું દે.'

